# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી:-

# ઇલેક્ટ્રિક બસની ટ્રાયલમાં ઉપસ્થિત રહી પરફોર્મન્સની સમીક્ષા મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરા

તારીખ: ૨૬-૦૭-૨૦૨૧









રાજકોટ શહેરના લોકોને અવર-જવર માટે સેવા આપી રહેલ રાજકોટ રાજપથ લી.ની સિટી બસ અને BRTS બસનાં કાફલામાં હવે ટૂંક સમયમાં ઇલેક્ટ્રિક બસનો ઉમેરો થનાર છે ત્યારે, આજે સોમવારે તા. ૨૬-૦૭-૨૦૨૧ના રોજ મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરાએ ઇલેક્ટ્રિક બસમાં બેસી

તેના પરફોર્મન્સની સમીક્ષા કરી હતી. આ ઉપરાંત ૮૦ ફૂટ રોડ પર અમુલ સર્કલ પાસેના સિટી બસ ડેપો, એન્જિનિયરિંગ સ્ટોર, ઢોર ડબ્બાની મુલાકાત લીધી હતી.

મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરા , ત્રણેય નાયબ કમિશનરશ્રીઓ શ્રી આશિષ કુમાર, શ્રી એ.આર. સિંહ અને શ્રી ચેતન નંદાણી, આર.આર.એલ.ના જી.એમ. શ્રી જયેશ કુકડીયા, એડીશનલ સિટી એન્જિનિયર શ્રી એમ.આર.કામલિયા, પર્યાવરણ ઈજનેર શ્રી નિલેશ પરમાર, પી.એ.(ટેક) ટુ કમિશનર શ્રી રસિક રૈયાણી વગેરે સહિત આશરે ૩૫ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓએ ૮૦ ફૂટ રોડ પર અમુલ સર્કલ પાસેના સિટી બસ ડેપો ખાતેથી ઇલેક્ટ્રિક બસમાં બેસી ભક્તિનગર રેલ્વે સ્ટેશન પાસેના સર્કલ સુધી મુસાફરી કરી હતી. જે દરમ્યાન કમિશનરશ્રીએ બસની બેટરી, કૂલિંગ વગેરે સહિતના પરફોર્મન્સની સમીક્ષા કરી હતી.

આ ઉપરાંત કમિશનરશ્રીએ ૮૦ ફૂટ રોડ પર   અમુલ સર્કલ  પાસેના સિટી બસ ડેપો તૈયાર કરવાની હાલ ચાલી રહેલી કામગીરીની પ્રગતિ પણ નિહાળી હતી. સાથોસાથ અમુલ સર્કલ પાસે આવેલા મહાનગરપાલિકાનાં એન્જિનિયરિંગ સ્ટોરની મુલાકાત લઈ મહાનગરપાલિકાની વિવિધ સાધનોની આવશ્યકતા અનુસાર સાધનોનો જરૂરી સ્ટોક મેઇન્ટેઇન થાય તે સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી. દરમ્યાન અમુલ સર્કલ નજીક આવેલા ઢોર ડબ્બાની મુલાકાત લઈ કમિશનરશ્રીએ ત્યાંની સમગ્ર વ્યવસ્થા નિહાળી હતી.

(જન સંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા